ગુજરાત પ્રદેશ ભાજપા

પ્રેસનોટ ૦૧

તા.૨૧ સપ્ટેમ્બર ૨૦૨૯

-------

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેરજીવનના સેવા, સમર્પણ અને સુશાસનના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત રાજ્યભરમાં ભાજપા દ્વારા થશે સેવાયજ્ઞ

-------

આવતીકાલે ૨૨ સપ્ટેમ્બરે રાજ્યના પ્રત્યેક તાલુકા(મંડલ)માં 'સેવા મારું યોગદાન' કાર્યક્રમ અંતર્ગત ભાજપા આગેવાનો અને કાર્યકરો વૃદ્ધાશ્રમો અને બાળ સંભાળ ગૃહોમાં સેવાભાવ સાથે પહોંચશે

-------

વડીલો અને બાળકો સાથે આત્મીય સંવાદ કરી ફળ ઉપરાંત ધાબળા, ચાદર સહિતની આવશ્યક સામગ્રીનું વિતરણ કરવામાં આવશે

-------

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેરજીવનમાં સેવા અને સમર્પણના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર રાજ્યમાં 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વિવિધ સેવાકીય અને જનકલ્યાણલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાનના ભાગરૂપે તા. ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૯, મંગળવારના રોજ 'સેવા મેરા યોગદાન' કાર્યક્રમ અંતર્ગત રાજ્યના તમામ તાલુકા(મંડલ)માં ભારતીય જનતા પાર્ટીના આગેવાનો અને કાર્યકરો દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે.

આ અંતર્ગત ભાજપના આગેવાનો અને કાર્યકરો તાલુકા(મંડલ)માં સમાવિષ્ટ વૃદ્ધાશ્રમો તથા બાળ સંભાળ ગૃહોની મુલાકાત લઈ ફળ વિતરણ ઉપરાંત ધાબળા, ચાદર સહિતની આવશ્યક સામગ્રીનું વિતરણ કરશે તેમજ વડીલો અને બાળકો સાથે સમય વિતાવશે. આ સેવાકીય પ્રવૃત્તિઓના માધ્યમથી સમાજમાં સેવા, સંવેદના અને સામાજિક જવાબદારીની ભાવનાને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં કાર્યકરો સેવા કાર્યને માત્ર એક પ્રવૃત્તિ તરીકે નહીં પરંતુ સમાજ પ્રત્યેની પોતાની જવાબદારીના ભાગરૂપે જોડાશે.

પ્રશાંત વાળા

પ્રદેશ મીડિયા ઇન્ચાર્જ

ભાજપા ગુજરાત